॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૬ • વર્ષ : ૪ • અંક : ૧ • જૂન ૨૦૨૦

## ચિરંજીવવિચાર

**મુનિશ્રી વૈરાગ્યરતિવિજય ગણી**

વિચાર બે પ્રકારના હોય છે. એક તાત્કાલિક અને બે ચિરંજીવ. વ્યક્તિગત અને અલ્પકાલીન વિચાર તાત્કાલિક હોય છે. તેનો પ્રભાવ થોડા સમય માટે જોવા મળે છે. તેનું પરિણામ પણ દીર્ઘકાલીન નથી હોતું. જે વિચાર કેવળ વ્યક્તિનો ન બની રહેતા સમષ્ટિનો પણ બને. જેનો પ્રભાવ વ્યાપક હોય અને જેનું પરિણામ લાંબા ગાળે જોવા મળે તે ચિરંજીવ વિચાર હોય છે.

મનુષ્ય વિચાર કોઈને કોઈ ઉદ્દેશની પૂર્તિ માટે કરે છે. ઉદ્દેશ થોડા સમયમાં પૂરો થઈ જવાનો હોય તો વિચાર પણ અલ્પકાલીન જ રહે છે. મોટા ભાગના માણસોનું જીવન તાત્કાલિક વિચારોમાં પૂરું થઈ જાય છે. ચિરંજીવ વિચાર કરવાનું સામર્થ્ય દરેકમાં હોય છે. પણ તે કરવાનું સાહસ બહુ ઓછી વ્યક્તિમાં હોય છે.

સદ્નસીબે ભારતમાં ચિરંજીવ વિચાર કરવાનું સાહસ ધરાવતા અનેક વ્યક્તિત્વ પેદા થયાં. ચિરંજીવ વિચારો જ આગળ જતા તે તે દેશની, સમાજની, ધર્મની કે સંપ્રદાયની સંસ્કૃતિ બને છે. તત્કાલીન વિચારો વ્યક્તિના કરિશ્માથી જન્મે છે અને વ્યક્તિ જતી રહે પછી તેનો વિલોપ થઈ જાય છે. ઇતિહાસ સાક્ષી છે કે આવા અનેક મતો - જે કેવળ વ્યક્તિથી પ્રભાવિત હતા - કાળના ગર્ભમાં ખોવાઈ ગયા.

શરુઆતની અવસ્થામાં ચિરંજીવ વિચાર પણ વ્યક્તિનો જ હોય છે પણ તે વ્યક્તિ,વિચારને લોકોના હૃદય સુધી અને જીવન સુધી પહોંચાડવામાં સફળ બને છે. અનુગામી પેઢી પણ તે વિચારને આગળ વધારે છે. આમ ચિરંજીવ વિચાર સદીઓ સુધી વહેતો રહે છે. ભારતમાં ચિરંજીવ વિચારોની સમૃદ્ધ પરંપરા રહી છે. ચિરંજીવ વિચાર નૈતિકતા, સદાચાર, સંસ્કૃતિ, કળા, વિજ્ઞાન કે ધર્મરૂપે વહેતો રહે છે.

વિચારને ચિરંજીવ બનાવવામાં ઘણાં તત્ત્વોનો ફાળો છે. તેમાં મુખ્ય બાબત છે-કેંદ્રવર્તિ વિચાર (કોર પ્રિંસીપલ).

'સ્વનું હિત અને સર્વનું હિત' આ જૈન ધર્મનો મૂળભૂત- કેંદ્રવર્તિ વિચાર છે. જૈન ધર્મની તમામ વાતો આ વિચારનો જ વિસ્તાર છે. આ વિચારને કારણે જ જૈન ધર્મ સદીઓ સુધી વિપરીત સ્થિતિમાં પણ આજ સુધી ટકી રહ્યો છે.આ વિચાર જ જૈન ધર્મને કેવળ માનવમાત્રનો નહીં; પ્રાણિમાત્રનો, જીવમાત્રનો ધર્મ બનાવે છે.

'સ્વનું હિત અને સર્વનું હિત' આ વિચારને જન સામાન્ય સુધી પહોંચાડવા માટે મહાવીર સ્વામીજીએ નીતિ અપનાવી તે આ હતી.

૧) લોકોની ભાષામાં વાત કરો.
૨) લોકોની સાથે રહો, વિખુટા ન પડો.
૩) વિચાર કેવળ શબ્દોમાં ન રહે, આચરણમાં આવે તે જરૂરી છે.
૪) કેટલા લોકો વિચાર સ્વીકારે છે તે મહત્ત્વનું નથી, લોકો કેટલા ઉંડાણથી સ્વીકારે છે તે મહત્ત્વનું છે.
૫) લોભ, દયા, લાગણી (આકર્ષણ) કે ડરથી પ્રેરાયેલા વિચારોનું આયુષ્ય લાંબુ હોતું નથી. ચિરસ્થાયી વિચારોનું સર્વોત્તમ માધ્યમ 'સમજ' છે. સમજ બદલાશે તો સમાજ બદલાશે.


મહાવીરદેવની આ પદ્ધતિ આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

વિચારને આત્મસાત કરવા માટે મનુષ્ય પાસે ત્રણ સંસાધન છે. ભાષા, સાહિત્ય, શિક્ષા. આ ત્રણ માધ્યમો માણસના વિચારોને અત્યધિક પ્રભાવિત કરે છે. આ ત્રણ પરિબળ મજબૂત હોય તો વિચાર પણ મજબૂત રહે છે. આ ચાર અસ્થિર હોય તો વિચાર પણ અસ્થિર રહે છે.

**ભાષા :** કોઇ પણ વિચારને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવાનું માધ્યમ ભાષા છે. ભાષા વિચારનું મૂર્ત સ્વરૂપ છે જે પેઢી દર પેઢી સંક્રાંત થતું રહે છે. માટે જ વિચારોની શાશ્વતી માટે ભાષા મહત્ત્વનું અંગ છે. વિચાર ભાષાના માધ્યમે જીવંત રહે છે. ભાષા નાશ પામતા વિચાર પણ નાશ પામે છે. જૈન ધર્મના વિચારો (સિદ્ધાંતો) ૨૬૦૦ વરસથી અર્ધમાગધી, મહારાષ્ટ્રી, શૌરસેની અને સંસ્કૃત આ ચાર ભાષાઓમાં સંક્રાંત થતા રહ્યા છે. આમાં પહેલી ત્રણ ભાષાઓ પ્રાકૃતવર્ગમાં સમાય છે. પ્રાકૃત એટલે જનસામાન્યની ભાષા. આત્માના, મોક્ષના, જ્ઞાનના, અહિંસાના કે આચરણના વિચારોને ચિરંજીવ રાખવા જૈન ધર્મના સ્થાપક તીર્થંકરોએ અર્ધમાગધી અથવા પ્રાકૃત ભાષાને પસંદ કરી હતી કેમ કે, તે ભાષા લોકો બોલતા અને સમજતા. કાલક્રમે સંસ્કૃત ભાષાનું મહત્ત્વ વધ્યું. તેમ છતાં જૈન શ્રમણોએ પ્રાકૃત ભાષાને જીવંત રાખી. તેરમી સદી પછી મરુગુર્જર ભાષાનો સમય આવ્યો. લગભગ ઉપલબ્ધ તમામ જૈન સાહિત્યનો તત્કાલીન ભાષામાં અનુવાદ થયો. પણ જૈન શ્રમણોએ મૂળ ભાષાને બાધા પહોંચવા ન દીધી. આજની સ્થિતિ ભિન્ન છે. આજે અંગ્રેજી ભાષાનું ચલણ વધી ગયું છે. પરંતુ એક બહોળો વર્ગ એવો છે કે જે એમ માને છે કે અંગ્રેજી ભાષા એ તમામ ભાષાનો વિકલ્પ બની રહવી જોઈએ. તમામ સાહિત્યનું અંગ્રેજીમાં રૂપાંતરણ થઈ જવું જોઈએ. અને સંસ્કૃત અને પ્રાકૃત ભાષમને મૃત ભાષા જાહેર કરી દેવી જોઈએ. આ આત્મઘાતી વલણથી બચવું જોઈએ. સુવિધા માટે ભાષાંતર થાય છે એ ક્ષમ્ય ગણાય, પણ મૂળ ભાષાનું જ રૂપાંતરણ થાય તે અક્ષમ્ય છે. વર્તમાન પેઢીને સમજાય તે માટે વર્તમાન ભાષાનો સહારો લેવો એક વાત છે અને મૂળ ભાષાને દૂર કરી બીજી ભાષાને તેનું સ્થાન આપી દેવું તે બીજી વાત છે.

થોડા સમય પહેલા મા. પ્રધાનમંત્રી શ્રી નરેંદ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતિના અધ્યક્ષ વિવેક દેબ્રોયે દિલ્હીમાં ઇંડિયન ઇંટરનેશનલ સેંટર (IIC) ના ઉપક્રમે 'સંસ્કૃત અનુવાદની કળા અને ઇતિહાસ' આ વિષય પર વ્યાખ્યાન આપ્યું. આ વ્યાખ્યાનનું આયોજન ઇંડિક એકેડમી દ્વારા થયું હતું. તેમાં તેમણે જણાવ્યું છે.

આપણે સંસ્કૃત ભાષાને જ ગુમાવી રહ્યા છીએ તેવું નથી, પણ સંસ્કૃત ભાષામાંથી ઉદ્‌ભવેલી પ્રાંતીય ભાષાને પણ ગુમાવી રહ્યા છીએ. આ પ્રાંતીય ભાષાઓ સંસ્કૃતના અભ્યાસને અને સરળ બનાવે છે કેમ કે – તેમનું કુળ સંસ્કૃત છે.સંસ્કૃત ભાષાનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરવાથી તેના મૂળભૂત અર્થ ખોવાઇ જાય છે. કેમ કે બંને ભાષાઓની અભિવ્યક્તિના પ્રકાર તદ્દન જૂદા છે. અંગ્રેજી અનુવાદ કરીને આપણે સંસ્કૃત ભાષાના ગ્રંથોનું જ્ઞાન ગુમાવી રહ્યા છીએ, કેમ કે આપણે તેની અભિવ્યક્તિની પ્રક્રિયાને જ બદલી નાંખી છે. સંસ્કૃત ભાષાનો અનુવાદ કરવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ થઇ શકે કે નહીં એ બાબતમાં પણ શંકા છે. કેમ કે કૃત્રિમ



બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવા માટે જેઓ અલ્ગોરિદમ લખશે તેમને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નથી. તેઓ પોથીની લિપિ વાંચી શકતા નથી. તેઓ લિપિ અને ભાષામાં નિષ્ણાત બની જાય તે પછી પણ તે અલ્ગોરિદમ લખી શકશે કે નહીં તે પણ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.આપણે આપણા મહાન સંસ્કૃત ગ્રંથો વિષે કે તેના કર્તા વિદ્વાનો વિષે કંઇ જ જાણતા નથી. આ વિદ્વાનો સંસ્કૃત માટે પોતાનું જીવન આપી દીધું હતું અને પોતાની ઓળખ પણ આપી નથી.

જૈન શ્રમણો આજે પણ પ્રાકૃત ભાષા વાંચે છે, જાણે છે અને નવી રચના પણ કરે છે. જૈન ધર્મના મોટા ભાગના મૂળ ગ્રંથો પ્રાકૃત ભાષામાં છે. પ્રાકૃત ભાષાઓ જીવશે તો જૈન ધર્મના વિચાર જીવશે. પ્રાકૃત ભાષાઓને ચિરંજીવ બનાવવા ત્રણ કામ કરવા જરુરી છે.

૧) પ્રાકૃત ભાષાઓને શાળા, વિદ્યાપીઠો, મહાવિદ્યાપીઠોના અભ્યાસક્રમમાં સ્થાન આપવું.
૨) પ્રાકૃત ભાષાઓના સાહિત્યને ઉત્તેજન આપવું.
૩) પ્રાકૃત ભાષાઓને લોકભોગ્ય વાંચનની ભાષા બનાવવી.

**સાહિત્ય :** વિચારોને ચિરંજીવ બનાવતું બીજું તત્ત્વ છે –સાહિત્ય. સાહિત્ય શબ્દથી અહીં લિખિત દસ્તાવેજ અભિપ્રેત છે. ભાષા સાંભળીને અભિવ્યક્ત થાય છે તેમ લિપિ સ્વરૂપે લખીને પણ અભિવ્યક્ત થાય છે. બોલાયેલ વિચાર જલદી ભૂલી જવાય છે. લખાયેલ વિચાર ચિરંજીવ બને છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ પછી લગભગ ૯૦૦ વરસ સુધી (ઇ.સ. ૫મી સદી) વિચારો યાદ રાખવાની પરંપરા હતી. આચાર્ય શ્રી દેવર્ધિ ગણિજીના સમયથી લેખન પરંપરા ચાલુ થઈ અને યાદ રાખવાની પરંપરા ક્ષીણ થઈ ગઈ. સદ્‌ભાગ્યે આજે પણ શ્રમણ શ્રમણી વર્ગમાં યાદ રાખવાની પરંપરા ચાલુ છે. ૨૦૦ વરસ પહેલા મુદ્રણ યુગની શરૂઆત થઈ તે પછી લેખન પરંપરા પણ ક્ષીણ થઈ ગઈ. આ ત્રણે પરંપરામાં લેખન પરંપરાનો સમયગાળો સહુથી વધુ છે.

લગભગ ૧૫૦૦ વરસ સુધી પૂર્વથી ચાલ્યા આવતા ચિરંજીવ વિચારોને શબ્દબદ્ધ કરી લખીને સાચવી રાખવા એ જૈન ધર્મની ધાર્મિક પરંપરાનો એક ભાગ બની છે. 'પુસ્તક લેખન' જૈન ગૃહસ્થોને માટે એક અવશ્ય કર્તવ્ય હતું. ૨૫૦૦ વરસમાં જે કંઈ પણ રચનાઓ થઈ તે કાગળ પર અવતરી અને તે તાડપત્ર રૂપે, કાગળ રૂપે, વસ્ત્રપટ રૂપે સચવાઈ ને આગળની પેઢી સુધી પહોંચી. જૈનોએ કરોડોની સંખ્યામાં શાસ્ત્રો લખીને પોતાની દેખરેખમાં સારસંભાળ કરી. પુસ્તકને મૂર્તિ પછીનું અને જ્ઞાનભંડારોને મંદિર પછીનું શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થયું હતું. શ્રમણ-શ્રમણીઓ સ્વયં પુસ્તક લખતા, લખાવતા. તેમને સાચવવા ચિત્કોષની સ્થાપના કરતા. ગૃહસ્થો તે માટે દાન કરતા. ઇસ્લામના આક્રમણે આ વારસાનો નાશ કર્યો. એક આખી પરંપરા ઉખડી ગઈ. આજે જૈનો પાસે ૨૮૦૦ વર્ષમાં કેટલું સાહિત્ય રચાયું તેની નોંધ નથી. હાથેથી લખેલા હસ્તપ્રતો ક્યાં, કેટલી, કેવીરીતે પડી છે તેની નોંધ નથી. સો વરસ પહેલા જૈન જ્ઞાનભંડારોમાં એક કરોડ જેટલી હસ્તપ્રતો હતી આજે તેમાંની કેવળ વીસ લાખ જ બચી છે.

સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષામાં રચાયેલાં શાસ્ત્રો ભારતીય શિક્ષા પદ્ધતિનો શ્રેષ્ઠ અભ્યાસક્રમ છે. મૂલ્ય આધારિત જીવનનું શ્રેષ્ઠતમ જ્ઞાન આ શાસ્ત્રોમાંથી મળી રહે છે. જૈન સાહિત્યને ચિરંજીવ બનાવવા ત્રણ કામ કરવા જરૂરી છે.

૧) જૈન હસ્તપ્રતોમાં છૂપાયેલા શાશ્વત જ્ઞાનના વારસાને સુરક્ષિત કરવો જોઈએ.
૨) પ્રાચીન લિપિ ઉકેલીને તે શાસ્ત્રોનું જ્ઞાન બહાર લાવવું જોઈએ.
૩) તે માટે વિદ્વાનો તૈયાર કરવા જોઈએ.

**શિક્ષા –** વિચારોને ચિરંજીવ બનાવતું ત્રીજું તત્ત્વ છે-શિક્ષા. શિક્ષા વિચારને ચિરંજીવ બનાવતું મહત્ત્વનું પરિબળ છે. સમજ દ્વારા એક વખત સમાજ ઘડાય છે પણ તેને કાળના લાંબા પટલ સુધી પ્રવાસ કરાવવો હોય તો સશક્ત શિક્ષા પદ્ધતિ જોઈએ. વૃક્ષને ખીલવા માટે જેમ વાતાવરણ જોઈએ તેમ વિચારને પાંગરવા માટે વાતાવરણ જોઈએ. ચિરંજીવ વિચારનું સંવર્ધન કરે તેવી સંસ્થાઓ વિચારોને શાશ્વત રાખે છે. વૃક્ષને ખીલવા માટે જેમ વાતાવરણ જોઈએ તેમ વિચારને પાંગરવા માટે વાતાવરણ જોઈએ. ચિરંજીવ વિચારનું સંવર્ધન કરે તેવી સંસ્થાઓ વિચારોને શાશ્વત રાખે છે. શિક્ષા વિચારોના સંક્રમણની સાર્વત્રિક પદ્ધતિ છે. આજે આપણી સમક્ષ પ્રશ્ન છે કે – ધર્મ સામાન્ય જનના જીવન સુધી કેમ પહોંચતો નથી? તેનું કારણ એ છે કે- ધર્મ આજે શિક્ષા પદ્ધતિમાંથી બાકાત થઈ રહ્યો છે.

ભારતમાં જ્યારે સ્કુલો ન હતી ત્યારે શિક્ષાનાં કેંદ્રો મંદિર, મઠ, અને પાઠશાળા હતા. સંતો શિક્ષકોની ભૂમિકા ભજવતા હતા. ત્યારે ધર્મને સામાન્ય માનવતા જીવન સુધી પહોંચાડવો આસાન હતો. આજે શિક્ષાના કેંદ્રો બદલાઈ ગયા. શિક્ષકો બદલાઈ ગયા.

ભારતની શિક્ષા પદ્ધતિ વિશ્વમાં શ્રેષ્ઠ હતી કેમ કે, તેમાં મૂલ્ય અને જીવન પ્રધાન હતા. સુખ અને ધન નહીં. આપણી પ્રાચીન શિક્ષા પદ્ધતિ વિષે જીતેંદ્રકુમાર પી. કે. અને પ્રભાકર શર્માના લેખનો સાર અહીં પ્રસ્તુત છે.

ભારતદેશમાં ઉચ્ચ વિદ્યાપીઠો અને સંસ્થાઓ બહુ પ્રાચીન કાળથી

વિદ્યમાન હતી. વિશ્વના અન્ય દેશોમાં ન હતી તે પહેલાથી ભારતમાં વિદ્યાની સંસ્થાઓ ચાલુ હતી. ભારતમાં ઈસ્વીસન પૂર્વ ૮૦૦થી ઈ.સ.૧૨૦૦ વર્ષ સુધીના ૨૦૦૦ વર્ષ સુધી બાર ઉચ્ચ વિદ્યાપીઠો હતી. તક્ષશિલા વિદ્યાપીઠ, વારાણસી વિદ્યાપીઠ, પુષ્પગિરિ વિશ્વવિદ્યાલય, વિક્રમશિલા વિદ્યાપીઠ, વલભી વિદ્યાપીઠ, ઓદંતપુરી વિદ્યાપીઠ, સોમપુરા વિદ્યાપીઠ, નાલંદા વિદ્યાપીઠ, જગદલ્લ મહાવિહાર, નાગાર્જુન કોંડા વિદ્યાપીઠ, કાંચીપુરમ્ વિદ્યાપીઠ, માન્યખેટ વિદ્યાપીઠ.

ભારતીય વિદ્યાપીઠોની મૂળભૂત વિભાવના ઉચ્ચ શિક્ષા આપવાની હતી, માત્ર પ્રાથમિક શિક્ષા આપવાની નહીં.

શિક્ષકોને જૂનો અભ્યાસક્રમ વધારવાની અને નવો અભ્યાસક્રમ બનાવવાની સ્વતંત્રતા હતી. આજની જેમ નિશ્ચિત અભ્યાસક્રમ ભણાવવાનો નિયમ ન હતો.

શિક્ષાની પદ્ધતિ પણ શ્રેષ્ઠ હતી. વિદ્યાર્થી જ્યાં સુધી શીખીને તે વિષયમાં નિપુણ ન બને ત્યાં સુધી ઉપરના વર્ગમાં જઈ શકતો નહીં.

અભ્યાસ પૂર્ણ થઈ ગયો છે તે બતાવવા પરીક્ષાઓ લેવાતી ન હતી. અભ્યાસકાળ પૂરો થાય પછી ડીગ્રીઓ અપાતી ન હતી. કેમકે શિક્ષણનો મૂળ ઉદ્દેશ જ્ઞાનપ્રાપ્તિ છે, ઉપાધિપ્રાપ્તિ નહીં એમ માનવામાં આવતું.

વિદ્યાની અનેક શાખાઓ હતી. અનેક શિક્ષિત અને અનુભવી શિક્ષકો વિષયનું જ્ઞાન આપતા. જ્ઞાન પવિત્ર છે એમ મનાતું, આજીવિકાનું કે બીજા સ્વાર્થનું સાધન મનાતું નહીં. અને સમાજ તરફથી બહારના કોઈ પરિબળોનો વિદ્યાપીઠોની અભ્યાસકીય ગતિવિધિમાં હસ્તક્ષેપ રહેતો નહીં.

ભૂતકાળમાં જૈનોના જ્ઞાનકેંદ્ર સમી વલભી વિદ્યાપીઠ હતી. ત્યાં જૈનધર્મનુંસાદ્યંત શિક્ષણ અપાતું. વલભીમાં જ આચાર્યશ્રી દેવર્ધિગણિજીએ શ્રુતપરંપરાને લેખનમાંઉતારી હતી.વચલા સમયગાળામાં ઉપભોક્તાવાદ અને સામ્યવાદની અસર હેઠળ ભારતીય શિક્ષા પદ્ધતિનું વ્યાપારીકરણ થઇ ગયું



હતું. વરસોના અનુભવ પછી તેની મર્યાદાઓ ખ્યાલમાં આવી છે અને સુખકેંદ્રી, ધનકેંદ્રી એને માહિતીકેંદ્રી શિક્ષા પદ્ધતિને બદલે મૂલ્યકેંદ્રી શિક્ષા પદ્ધતિ ઉપર પુનર્વિચાર થઈ રહ્યો છે.

સ્વતંત્રતા મળ્યા પછી ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યુનિવર્સિટી એજ્યુકેશન કમીશનના ચેરપર્સન વનાવવામાં આવ્યા. ભારતની શિક્ષાપદ્ધતિ કેવી હોવી જોઈએ? એ વિષે આ કમિશને અહેવાલ આપવાનો હતો. ઇ.સ. ૧૯૪૯માં તેમણે પોતાનો અહેવાલ સાદર કર્યો. તેમાં શિક્ષણનો હેતુ જણાવતાં એમ લખ્યું કે - શિક્ષણનો હેતુ એ છે કે વિદ્યાર્થીને જીવનનો અર્થ શીખવવો. વિદ્યાર્થીને ભારતની સંસ્કૃતિ અને વારસાનું જ્ઞાન આપવું. શિક્ષણ એ જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે તે સમજાવવું. આત્માની કક્ષાનું જીવન જીવવાની ક્ષમતા કેળવવી.



હમણા વર્તમાનપત્રમાં સમાચાર વાંચ્યા કે-વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો વધે અને તેમની ક્ષમતા વધે તે માટે વિદ્યાપીઠ અનુદાન આયોગ(યુજીસી)એ જીવન કૌશલ્ય વિષે અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. અને પદવી પૂર્વસ્તર પર તે કરાવવાની સૂચના ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને કરી છે. શિક્ષણ સંસ્થાઓ વ્યાવસાયિક અભ્યાસક્રમ ચલાવે છે પણ તેમાં નૈતિક મૂલ્ય અને ક્ષમતાનો વિચાર હોતો નથી આથી યુજીસીએ ગુણવત્તા કેળવવા આ અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. આમાં સંવાદ કુશલતા, વ્યવસાય કુશલતા, નેતૃત્વ વ્યવસ્થાપન કુશલતા, વૈશ્વિક માનવ મૂલ્યોનો સમાવેશ છે. વૈશ્વિક માનવ મૂલ્યમાં પ્રેમ, સદ્ભાવના, અહિંસા, સત્ય, શાંતિ વગેરે મૂલ્યોનો સમાવેશ છે.

જૈન ધર્મની મૂલ્યકેંદ્રી શિક્ષા પદ્ધતિનો વિકાસ કરવા ત્રણ કામ કરવા જરુરી છે.

૧) આપણા પૂર્વજોએ જ્ઞાનને/શ્રુતને સાચવવાનો અને પ્રસારવાનો પ્રયાસ કર્યો છે તેને આગળ વધારવો.

૨) જૈન ધર્મની પ્રામાણિક અને બૌદ્ધિક માહિતી આપે એવું સેંટર ઊભું કરવું.

૩) પઠન-પાઠનની પરંપરા પુનર્જાગૃત કરવી. શિક્ષાવિદોને (એકેડેમિશિયન) જન્મ આપવા.

કોઇપણ સમાજનો વિકાસ તેની બૌદ્ધિક સંપદા દ્વારા થઇ શકે છે. સદ્ભાગ્યે જૈનો પાસે વિશ્વમાં વિરલ કહી શકાય તેવી જ્ઞાનસંપદા છે. ભૌતિક અને આધ્યાત્મિક દરેક પ્રકારની જ્ઞાનસંપદા જૈન શાસ્ત્રોમાં નિહિત છે. જરૂર છે તેને જાણીને પ્રસ્તુત કરી શકે તેવા વિદ્વાનોની. ઉજ્જ્વળ ભવિષ્ય માટે જૈનોએ શિક્ષાવિદોને (એકેડેમિશિયન) જન્મ આપવા જોઇએ. તેમની પ્રતિભા ખીલવવી જોઇએ. વર્તમાન પેઢીને જૈન ધર્મનું જ્ઞાન પદ્ધતિસર કેવી રીતે આપી શકાય અને ભવિષ્ય માટે કેવી જ્ઞાન સામગ્રી જોઇશે તેનો વિચાર કરનારા શિક્ષાવિદો જૈનશાસનનાં ઉજ્જ્વળ ભવિષ્યનો શિલાન્યાસ કરી શકશે.

સાર રૂપે કહી શકાય કેદરેક જૈનને જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંત વિષે સ્પષ્ટ સમજ હોવી જોઇએ. તેના આધારે જ દરેક વાતો વિચારોનું મૂલ્યાંકન થવું જોઇએ. 'સ્વનું હિત સર્વનું હિત', સહ-અસ્તિત્વનો સિદ્ધાંત, સત્યને જાણવાના અનેક આયામનો સિદ્ધાંત, ઔદાર્યનો સિદ્ધાંત. આ વિચારોના પાયા પર જ જૈન ધર્મ ઊભો છે. અને ભવિષ્યમાં પણ આ જ પાયા પર ઊભો રહેશે.

**- ૧૭-૧૮ જાન્યુઆરી૨૦૨૦ અમદાવાદમાં યોજાયેલ**
**પહેલી વિશ્વ જૈન કોન્ફરન્સમાં વંચાયેલ લેખ.**

## કાર્યવિવરણ

**શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત લોકપ્રકાશ, પૃથ્વીચંદ્રચરિત્ર, સમ્યક્ત્વસપ્તતિકા સહ અવચૂરિ, છંદોરત્નાવલી, ઋજુપ્રાજ્ઞવ્યાકરણ, વૃત્તરત્નાકર સહ ટીકા**નું સંપાદન કાર્ય ચાલુ છે.

**વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ** અંતર્ગત પૂ.આ.શ્રી **મુનિચંદ્રસૂ.**મ., પૂ.આ.શ્રી **નરરત્નસૂ.**મ., પૂ.ગ.શ્રી **સુયશ-સુજસચંદ્રવિ.**મ., પૂ.ગ.શ્રી **ધર્મરત્નવિ.**મ., પૂ.મુ.શ્રી **યશરત્નવિ.**મ., પૂ.મુ.શ્રી **તીર્થયશવિ.**મ., પૂ.મુ.શ્રી **વંદનરુચિવિ.**મ., પૂ.મુ.શ્રી **ઉદયરત્નવિ.**મ. અને **શ્રી. મયંક બડજાત્યા, ખૂશબૂ મેહતા, પ્રો. સચિન કંદલે** (પીએચડી વિદ્યાર્થી)ને કૃતિ, હસ્તલિખિત પ્રત અને સંદર્ભ સાહિત્ય સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

- **લોકપ્રકાશ** સંપાદનનું કાર્ય અંતિમ ચરણમાં છે.
- પૂ.આ.શ્રી **જગચ્ચંદ્રસૂ.**મ.(ડહેલાવાળા)ના શિષ્ય મુનિશ્રી **શીલચંદ્રવિ., જિનચંદ્રવિ., નિર્ગ્રંથચંદ્રવિ.**મ. આદિ મુનિભગવંતો અને સાધ્વીજી ભગવંતો પૂ.પં.શ્રી **નેમકુશલજી**ના કૃતિઓના સંપાદનનું કાર્ય કરે છે.
- પૂ.આ.શ્રી **યશોવર્મસૂ.**મ.ના શિષ્ય મુનિશ્રી **તીર્થયશવિ.**મ. **જ્ઞાતાધર્મકથાંગસૂત્રની** પં.શ્રી **કસ્તૂરચંદ્રજી** કૃત ટીકાનું સંપાદન કરે છે.
- પૂ.સા.શ્રી **મધુરહંસાશ્રીજી** મ. પૂ.ઉપા.શ્રી **વિનયવિજયજી** મ.ના ચાર અપ્રગટ કૃતિઓનું લિપ્યંતર કરે છે.
- પૂ.સા.શ્રી **ધન્યહંસાશ્રીજી** મ. **પૃથ્વીચંદ્રચરિત્ર**નું લિપ્યંતર કરે છે.
- સુ. **ઓમજીઓસવાલશ્રેયાંસજિનચરિત**નો ભાવાનુવાદ કરે છે.
- કોરોના કોવિડ-૧૯ના કારણે બધા શ્રુતસેવીઓ પોતાના ઘરથી કાર્ય કરી રહ્યા છે.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

- સુજય ગાર્ડન જૈન સંઘ, મુકુંદનગર - પુણે
- શ્રીમ. વસંતપ્રભાબેન કાંતિલાલ શાહ હ. - હરેન, રોહિત
- પૂ.આ.શ્રી **ભવ્યરત્નસૂ.**મ.સા.ની પ્રેરણાથી
  દિનેશ રસિકલાલ ગાંધી, પુણે - કેંપ
- દીપક મેહતા હ. - આર્જવ, મોહિલ
- નિખિલેશ અરવિંદ શાહ
- જૈન સોશ્યલ ગ્રુપ, નારી સંઘટના, પુણે

## પદાર્પણ

શ્રુતભવનમાં પૂ.પં.શ્રી **વિરાગસાગરજી** મ., પૂ.સા.શ્રી **અમિતપ્રજ્ઞાશ્રીજી** મ., પૂ.સા.શ્રી **શીલભદ્રાશ્રીજી** મ.નું પદાર્પણ થયું.

## ચાતુર્માસ સ્થળ અને સંપર્કસૂત્ર

- **પૂજ્ય ગણિવર્યશ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.**
  શ્રુતભવન સંશોધન કેંદ્ર, ૪૭/૪૮ અચલ ફાર્મ,
  સચ્ચાઈ માતા મંદિરની પાસે, કાત્રજ - પુણે
  સંપર્ક - ૭૭૪૪૦૦૫૭૨૮
- **પૂજ્ય મુનિશ્રી પ્રશમરતિવિજયજી મ.સા.**
  શ્રી સુમતિનાથ જૈન મંદિર, ૧૪૨, ફાર્મલૅંડ, રામદાસ પેઠ, નાગપુર
  સંપર્ક - ૯૮૨૩૦૧૭૭૯૯
- **પૂજ્ય સાધ્વીશ્રી જિનરત્નાશ્રીજી મ.સા.**
  અંજનશલાકા અપાર્ટમેંટ. બી - ૧૦૩
  દમણ રોડ, ચલા - વાપી
  સંપર્ક - રોનકભાઈ શાહ - ૯૯૯૮૯૬૩૯૩૬

## પ્રતિભાવ

**શ્રુતભવન અમારી આગામી પેઢીઓ માટે અમૂલ્ય વારસો છે.** બેજોડ, અદ્‌ભુત, અલૌકિક એવી જ્ઞાનની સુંદર ઉપાસના.

ધન્ય છે આપણા ગુરુદેવ જે પોતાનું આખું જીવન આ કાર્ય માટે સમર્પિત કર્યું છે. ધન્યવાદ તે સહુ મહાનુભાવોને જે તન-મન-ધનથી આ મહાન કાર્યમાં જોડાયા છે.

**સૌ. મંજુલતા લોઢા**
**મુંબઈ સ્થિત જૈન તીર્થ શ્રી લોઢાધામ**
**(સંસ્થાપક - અધ્યક્ષા)**

**Printed Matter**

Posted under clause 121 & 114 (7) of P & T Guide

To,

**From : Shrutbhavan Research Centre**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel